# 5 પરિવર્તનની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં તમે સ્ત્રી–સશક્તિકરણનો અર્થ અને મહત્ત્વ, સ્ત્રી–સશક્તિકરણના કાર્યક્રમો અને કાયદાની સમજૂતી મેળવી. હવે આ એકમમાં આપણે પરિવર્તનની સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વિશે સમજૂતી મેળવીશું.

પરિવર્તન એક પ્રક્રિયા છે. પરિવર્તન એટલે ફેરફાર. જે હોય તેનાથી કંઈક જુદું થવું એટલે પરિવર્તન. જ્યારે નોંધપાત્ર ફેરફાર દેખાય ત્યારે પરિવર્તન આવ્યું હોવાનું જણાય છે. પરિવર્તન કુદરતનો નિયમ છે. કુદરતની જેમ સમાજમાં સતત પરિવર્તન જોવા મળે છે. સાતત્ય અને પરિવર્તન એ દરેક સમાજનું લક્ષણ છે. સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તન એ અવિરત ચાલતી ઘટના છે. પરિવર્તનની સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ જોવામાં સમાજશાસ્ત્રને રસ છે. કારણ કે સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજવ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિણામો નિપજાવે છે એટલું જ નહિ, તે સમાજજીવનની મહત્ત્વની બાબત હોવાથી તેની સમજૂતી મેળવવી જોઈએ.

પહેલાં લોકો જમીન પર પલાંઠીવાળી હાથ વડે જમતા તેના બદલે હવે ડાઈનિંગ ટેબલ પર ચમચી અને છરી–કાંટા વડે જમે છે તેમજ વસંતપંચમીને બદલે વેલેન્ટાઇન ડે ઉજવણીનું પ્રચલન વધ્યું છે. આ ઉદાહરણો પરિવર્તનની કઈ સાંસ્કૃતિક પ્રક્રિયાનું પરિણામ છે તે તમારે જાણવું છે ? અથવા સમાજશાસ્ત્રમાં ઉપર્યુક્ત પરિવર્તન દર્શાવવા માટે કયા ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે તે તમારે જાણવું છે ને ?

મિત્રો, તમે પશ્ચિમીકરણ, સંસ્કૃતિકરણ, વૈશ્વિકીકરણ, ઉદારીકરણ શબ્દોથી પરિચિત હશો; પરંતુ આ શબ્દો સમાજશાસ્ત્રમાં કઈ રીતે ઉપયોગી છે ? આ શબ્દો પરિવર્તનના સ્ત્રોત તરીકે તેમજ સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાના ખ્યાલ તરીકે કેવી સમજૂતી આપે છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે. કારણ કે આવી સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજજીવનમાં, સામાજિક સંબંધો ઉપર તેમજ લાગણીઓની અભિવ્યક્તિમાં અગત્યની અસરો નિપજાવતી હોવાથી તેનો અભ્યાસ જરૂરી છે. તેના ભાગરૂપે અહીંયા આપણે સૌપ્રથમ સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ તેમજ પરિવર્તનના સ્ત્રોત એવી સંસ્કૃતિકરણ, વૈશ્વિકીકરણ, પશ્ચિમીકરણ અને ઉદારીકરણ જેવી સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓની જાણકારી મેળવીશું.

**સામાજિક પરિવર્તનનો અર્થ :** સામાજિક પરિવર્તન એ અવિરત ચાલતી ઘટના છે. તે સાર્વત્રિક છે. સમાજના રચનાતંત્રમાં સતત ફેરફાર થાય છે. તેનાં પરિણામે સંસ્થાઓમાં પરિવર્તન જોવા મળે છે. જ્યારે સામાજિક સંગઠનોનાં સ્વરૂપમાં નોંધપાત્ર ફેરફાર થાય ત્યારે તેને સામાજિક પરિવર્તન કહેવાય છે. ઉદાહરણરૂપે જ્ઞાતિસંસ્થામાં આવેલું પરિવર્તન.

**સામાજિક પરિવર્તનની વ્યાખ્યા :**

**કિંગ્સ્લે ડેવિસ** – 'સામાજિક રચનાતંત્ર અને કાર્યોમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.' દા.ત., : સંયુક્ત કુટુંબના સ્થાને વિભક્ત કુટુંબનું પ્રચલન એ રચનાતંત્રમાં પરિવર્તન સૂચવે છે તેમજ કુટુંબનું મનોરંજનનું કાર્ય, સિનેમા, ટીવીએ લઈ લીધું જે કાર્યમાં પરિવર્તન સૂચવે છે.

**સામાજિક પરિવર્તના લક્ષણો :**

**(1)** સામાજિક પરિવર્તન પ્રક્રિયા છે.

**(2)** સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે.

**(3)** સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે.

**(4)** સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે.

**(5)** સામાજિક પરિવર્તન સ્વયંજનિત તેમજ આયોજિત પ્રક્રિયા સ્વરૂપે જોવા મળે છે.

**સાંસ્કૃતિક પરિવર્તન**

ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તનને સમજવા માટે સાંસ્કૃતિક પરિવર્તનનો ખ્યાલ ખૂબ મહત્ત્વ ધરાવે છે. વિવિધ પરિબળોની અસરને કારણે આધુનિક સમયમાં પરંપરાગત ભારતીય સમાજમાં અનેકવિધ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે.

**સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા :**

સાંસ્કૃતિક પરિવર્તન એક વિશાળ અર્થ ધરાવતી વિભાવના છે. તેમાં સંસ્કૃતિમાં સમાવિષ્ટ તમામ બાબતો જેવી કે કલા, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભાષા, સાહિત્ય વગેરે તેમજ સામાજિક સંગઠનતંત્રનાં સ્વરૂપો, રચના અને કાર્યોમાં આવતા પરિવર્તનનો સમાવેશ થાય છે.

સંસ્કૃતિનો ખ્યાલ વિશાળ છે. સંસ્કૃતિના ભૌતિક અને અભૌતિક પાસામાં આવતું પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તન છે. સંસ્કૃતિના ભૌતિક પાસામાં ફર્નિચર, યંત્રો, મકાન વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે કાચા મકાનના બદલે પાકું આધુનિક મકાન, સંપર્ક માટે ટેલિફોનને બદલે સેલફોનનો ઉપયોગ વગેરે સંસ્કૃતિના ભૌતિક પાસામાં આવેલું પરિવર્તન છે. તે જ રીતે સંસ્કૃતિના અભૌતિક પાસામાં ચિત્રકલા, નૃત્યકલા, જ્ઞાન, ભાષા વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે આધુનિક ચિત્રકલા અને લખવા–બોલવામાં અંગ્રેજીનો ઉપયોગ એ સંસ્કૃતિના અભૌતિક પાસામાં આવતું પરિવર્તન ગણાય.

સાંસ્કૃતિક પરિવર્તનમાં નવી અને જૂની સંસ્કૃતિનાં તત્ત્વોનું મિશ્રણ થાય છે. જે મોટે ભાગે નવશોધ અને પ્રસરણ દ્વારા થતું હોય છે. જ્યારે એક સંસ્કૃતિનાં તત્ત્વો બીજી સંસ્કૃતિ કે સામાજિક માળખામાં ઉમેરતાં તે સમાજ માટે નવી સંસ્કૃતિ બની જાય છે. ઉદાહરણરૂપે ભારતે બંધારણમાં લોકશાહીનું ધ્યેય સ્વીકારતાં રાજાશાહીને બદલે દેશમાં લોકશાહી સંસ્કૃતિ પ્રસરી અને મજબૂત બની છે.

કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે સંસ્કૃતિનાં તત્ત્વોમાં આવતું પરિવર્તન એટલે સાંસ્કૃતિક પરિવર્તન. આમાં સામાજિક સંગઠનના સ્વરૂપ, નિયમોમાં થતા પરિવર્તનનો પણ સમાવેશ થાય છે. આ રીતે સાંસ્કૃતિક પરિવર્તન સામાજિક પરિવર્તન કરતાં વિશાળ ખ્યાલ છે. એટલે કે બધાં જ સામાજિક પરિવર્તનો સાંસ્કૃતિક પરિવર્તનો કહી શકાય. દા.ત., મૂલ્યોમાં આવેલું પરિવર્તન.

**મેકાઈવર અને પેજ :** ''સાંસ્કૃતિક પરિવર્તનમાં ધર્મ, સાહિત્ય, કળા વગેરેમાં થતાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. સામાજિક પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તનથી વધારે ગતિશીલ હોય છે. કારણ કે સામાજિક સંબંધોમાં જેટલી ઝડપે પરિવર્તન આવે છે, તેટલી ઝડપથી કલા, વિજ્ઞાન, સાહિત્ય, પરંપરા, ધર્મ, તત્ત્વજ્ઞાન વગેરેમાં આવતું નથી.'' દા.ત., માતાપિતા અને સંતાન વચ્ચેના સંબંધોમાં આવેલું પરિવર્તન.

સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન પરસ્પર અસર પહોંચાડે છે. બંનેની સમાજ પર અસર પડે છે. દા.ત., જૂથ જીવન અને સંબંધોમાં પરિવર્તન આવે તો સંસ્કૃતિનાં તત્ત્વો, મૂલ્યો, માન્યતાઓને અસર પહોંચાડે છે. એવી જ રીતે સાંસ્કૃતિક વાતાવરણ બદલાતાં સમાજજીવન બદલાય છે. આમ, એકબીજા પર અસર કરે છે. દા.ત., સાંસ્કૃતિક પરિવર્તનથી ગ્રામીણ જીવનમાં પરિવર્તન આવ્યું છે.

કેટલીકવાર સામાજિક તંત્રને કોઈ પણ ફેરફાર પહોંચાડ્યા વિના સાંસ્કૃતિક તંત્રમાં ફેરફારો થતા હોય છે. દા.ત., ભાષામાં ઉચ્ચારણ કે ધ્વનિ સંબંધિત પરિવર્તન, સંગીત શૈલીમાં થતાં પરિવર્તન સંસ્કૃતિમાં આવતાં પરિવર્તનો છે; પરંતુ તેની સમાજ પર કોઈ નોંધપાત્ર અસર થતી નથી. આમ, સમાજશાસ્ત્રને એવા સાંસ્કૃતિક પરિવર્તનમાં રસ છે કે જે સામાજિક સંગઠનોમાંથી નીપજતાં હોય અને સામાજિક સંગઠનને અસર કરતાં હોય. સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક પરિવર્તન વચ્ચે પાતળી ભેદરેખા હોવાથી તે કયું પરિવર્તન છે તે નક્કી કરવું મુશ્કેલ હોય છે.

**સાંસ્કૃતિક પરિવર્તનના લક્ષણો :**

**(1) સંસ્કૃતિના કોઈ પણ ભાગમાં આવતું પરિવર્તન :**

સંસ્કૃતિનાં કોઈ પણ તત્ત્વો કે ભાગમાં આવતું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન તરીકે ઓળખાવી શકાય. દા.ત., હેન્ડલુમને બદલે પાવરલુમનો ઉપયોગ, નવરાત્રીનું બદલાયેલ સ્વરૂપ.

**(2) સમાજની સાધનાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન :**

સમાજ પોતાની જરૂરિયાતો સંતોષવા માટેનાં સાધનો વિકસાવે છે. જેમાં યંત્રો, વાહનો, મકાનો, પુસ્તકો, વાસણો, ફર્નિચર વગેરે મુખ્ય સગવડનાં સાધનોમાં આવતું પરિવર્તન એટલે સાંસ્કૃતિક પરિવર્તન. દા.ત., બેસવા માટે સોફાસેટ, જમવા માટે ડાઈનિંગ ટેબલનો ઉપયોગ.

### (3) સમાજની ધોરણાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન :

સામાજિક સંબંધોની વ્યવસ્થા ટકાવવા સમાજ ધોરણોની વ્યવસ્થા રચે છે, જે સંસ્કૃતિનો ભાગ છે. તેથી જ ધોરણાત્મક વ્યવસ્થામાં થતા પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહેવામાં આવે છે. દા.ત., લગ્ન અંગેના કાયદામાં બદલાવ, સ્ત્રીઓને અધિકાર આપતા કાયદા, રાજાશાહીમાંથી લોકશાહી શાસનવ્યવસ્થા.

સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ જોયા બાદ આપણે હવે પરિવર્તનની સાંસ્કૃતિક પ્રક્રિયાઓ જોઈશું.

## સંસ્કૃતિકરણ

ધોરણ-11માં સ્તરરચનાના એકમમાં જોઈ ગયા કે પરંપરાગત ભારતીય સમાજમાં જ્ઞાતિ બંધ પ્રકારની સ્તરરચના હતી એટલે કે વ્યક્તિનો સામાજિક દરજ્જો તે જે જ્ઞાતિમાં જન્મે છે તેના આધારે પ્રાપ્ત થાય છે અને જીવનભર તે જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જાળવી રાખે છે. જ્યારે વર્ગ વ્યવસ્થામાં વ્યક્તિ તેના જીવનકાળ દરમિયાન શિક્ષણ, તાલીમ કે અન્ય કોઈ રીતે દરજ્જો બદલી શકે છે. ટૂંકમાં જ્ઞાતિ વ્યવસ્થામાં દરજ્જા વિષયક પરિવર્તન શક્ય નથી તેવું સમાજશાસ્ત્રીઓ માનતા હતા; પરંતુ ભારતના જાણીતા સમાજશાસ્ત્રી પ્રો. એમ. એન. શ્રીનિવાસે પોતાના અભ્યાસ દ્વારા દર્શાવ્યું કે જ્ઞાતિ જેવી પ્રમાણમાં બંધ પ્રકારની સ્તરરચનામાં પરિવર્તન શક્ય છે. આ સંદર્ભમાં તેમણે સંસ્કૃતિકરણ જેવી સાંસ્કૃતિક પ્રક્રિયાનો ખ્યાલ આપ્યો છે.

સંસ્કૃતિકરણ એ પરિવર્તનનો આંતરિક સ્ત્રોત છે. સંસ્કૃતિકરણે ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. સંસ્કૃતિકરણ એ એક એવી સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયા છે, જે ભારતના જુદા જુદા ભાગમાં વસતા હિન્દુઓમાં વ્યાપક રૂપમાં જોવા મળે છે. ઉપરાંત આદિવાસી સમૂહમાં પણ સક્રિય રીતે ચાલી રહી છે.

## સંસ્કૃતિકરણનો અર્થ

સંસ્કૃતિકરણની પ્રક્રિયા અતિ પ્રાચીન હોવા છતાં 'સંસ્કૃતિકરણ' શબ્દ અને ખ્યાલ સૌપ્રથમ એમ. એન. શ્રીનિવાસે આપ્યો છે. તેમણે "Religion and Society among the Coorg" પુસ્તકમાં જ્ઞાતિના પરિવર્તનને સમજાવવા માટે બ્રાહ્મણીકરણ શબ્દ પ્રયોજ્યો હતો. તે પછી ડેવિડ પોકોક અને અન્ય માનવશાસ્ત્રીઓએ કહ્યું કે નિમ્નજ્ઞાતિ માટે બ્રાહ્મણ સિવાય અન્ય જ્ઞાતિ પણ મૉડેલ બને છે. તેથી શ્રીનિવાસે બ્રાહ્મણીકરણને બદલે સંસ્કૃતિકરણ શબ્દનો ઉપયોગ કર્યો.

સંસ્કૃતિકરણના અર્થમાં માત્ર સંસ્કૃતિનું અનુકરણ કરે છે તેવું નથી; પરંતુ સંસ્કૃત ભાષાના ધાર્મિક ગ્રંથોમાં જે પ્રકારના વિચારો, માન્યતા વ્યક્ત થતી હતી જે ઉપલી જ્ઞાતિ અપનાવતી, તેનું અનુકરણ નિમ્ન જ્ઞાતિ કરતી માટે સંસ્કૃતિકરણ શબ્દનો ઉપયોગ કરે છે.

## સંસ્કૃતિકરણની વ્યાખ્યા :

**એમ. એન. શ્રીનિવાસ** – ''સંસ્કૃતિકરણ એક એવી પ્રક્રિયા છે જેમાં નિમ્ન હિંદુ જ્ઞાતિ, આદિવાસી કે અન્ય સમૂહો તેમનાથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ કે દ્વિજ જ્ઞાતિના રિવાજો, વિધિવિધાન, વિચારણસરણી અને જીવનશૈલીનું અનુકરણ કરે છે. આમ કરીને તેઓ પોતાનો પરંપરાગત સામાજિક દરજ્જો જ્ઞાતિના કોટિક્રમમાં ઉચ્ચ હોવાનો દાવો કરે છે.''

## સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં પાસાં

એમ. એન. શ્રીનિવાસે પોતાના પુસ્તક "Social Change in Modern India" (આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન)માં સંસ્કૃતિકરણની વિગતે ચર્ચા કરી છે. તેના આધારે આ સાંસ્કૃતિક પ્રક્રિયાનાં કેટલાંક પાસાંઓને સમજવાનો પ્રયત્ન કરીએ :

**(1)** સંસ્કૃતિકરણની પ્રક્રિયા સમૂહલક્ષી છે એટલે કે આ પ્રક્રિયામાં વ્યક્તિ નહિ; પરંતુ સમગ્ર જ્ઞાતિસમૂહ ઊભી ગતિશીલતા પ્રાપ્ત કરે છે. અને તે માટે તે જ્ઞાતિ પોતાનો દાવો પણ આગળ ધરે છે. બીજી રીતે કહીએ તો સંસ્કૃતિકરણ થાય એટલે જ્ઞાતિસમૂહને આપોઆપ ઊંચો દરજ્જો પ્રાપ્ત થતો નથી, તે માટે તેણે પ્રયત્ન કરવો પડે છે.

**(2)** સંસ્કૃતિકરણથી જે ગતિશીલતા કે પરિવર્તન આવે છે તેનાથી જ્ઞાતિના કોટિક્રમમાં સ્થાનફેર કે દરજ્જામાં પરિવર્તન આવે છે; પરંતુ માળખાગત પરિવર્તન આવતું નથી. એટલે કે જ્ઞાતિ વ્યવસ્થા પાયામાંથી બદલાઈ જતી નથી. એ રીતે પરિવર્તન સામાજિક પ્રક્રિયા છે.

(3) સંસ્કૃતિકરણથી આર્થિક ઉન્નતિ થાય એવી કોઈ ખાતરી નથી એટલું જ નહિ, આર્થિક અને રાજનૈતિક રીતે આગળ હોય; પરંતુ સાંસ્કૃતિક દરજ્જો ઊંચો ન હોય તેવા લોકો સંસ્કૃતિકરણથી દરજ્જો ઊંચો લાવતા.

(4) સંસ્કૃતિકરણના ખ્યાલમાં સ્થાનિક પ્રભાવી જ્ઞાતિની ભૂમિકા મહત્ત્વની છે, જે આપણે આગળ જોઈશું.

(5) સંસ્કૃતિકરણની પ્રક્રિયા માત્ર હિંદુ જ્ઞાતિઓમાં જોવા મળે છે તેવું નથી, ઉપલી જ્ઞાતિઓનું અનુકરણ કરી આદિવાસીસમૂહો પણ જ્ઞાતિનો દરજ્જો મેળવવાનો દાવો કરે છે. પશ્ચિમ ભારતમાં 'ભીલ' અને મધ્ય ભારતમાં 'ગોન્ડ', 'હો', 'ઉરાવ' તેનાં ઉદાહરણો છે. આ સંદર્ભમાં સંસ્કૃતિકરણ સમૂહો અને સમુદાયો માટે ઊભી ગતિશીલતાની તેમજ પરિવર્તનની સાંસ્કૃતિક પ્રક્રિયા છે.

(6) સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમિયાન સંઘર્ષ અને વિરોધ પણ જોવા મળ્યા છે. શ્રીનિવાસ જણાવે છે, કે એવાં ઉદાહરણ બને છે કે જ્યારે અનુકરણ કરતી જ્ઞાતિઓમાં આવેલાં પરિવર્તનોનો ઉપલી જ્ઞાતિઓ વિરોધ કરે છે અને સાથે સાથે નિમ્ન જ્ઞાતિના દાવાનો અસ્વીકાર કરે છે. આમ કરવા જતાં જ્ઞાતિઓ વચ્ચે સંઘર્ષ પણ જોવા મળે છે.

(7) કેટલીક નિમ્ન જ્ઞાતિઓ ઉપલી જ્ઞાતિનું નામ અને અટક સ્વીકારી ઉચ્ચ સ્થાન માટે દાવો કરે છે. આ માટે 1931ની સેન્સસમાં પોતાની જ્ઞાતિની નોંધણી ઉચ્ચ જ્ઞાતિના નામે કરાવી હતી. આ પ્રક્રિયાને પણ શ્રીનિવાસ સંસ્કૃતિકરણ કહે છે.

(8) સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વિમાર્ગી છે એટલે કે એક તરફ નિમ્ન જ્ઞાતિઓને તેનાથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિનો દરજ્જો અપાવી ગતિશીલતા સર્જે છે; પરંતુ બીજી તરફ આમ કરવા જતાં પોતાની જ્ઞાતિની કેટલીક સારી બાબતોનો ત્યાગ કરે છે.

### સંસ્કૃતિકરણની પ્રક્રિયા અને પ્રભાવી જ્ઞાતિ

સંસ્કૃતિકરણના ખ્યાલમાં સ્થાનિક પ્રભાવી જ્ઞાતિની ભૂમિકા મહત્ત્વની છે. જીવનશૈલીનું અનુકરણ કરવામાં બ્રાહ્મણો ઉપરાંત અન્ય જ્ઞાતિઓને પણ અનુસરવામાં આવે છે. તેની સ્પષ્ટતા કરવા માટે શ્રીનિવાસે 1955માં "The Social System of a Mysore Village"માં સૌપ્રથમ પ્રભાવી જ્ઞાતિનો ખ્યાલ લાગુ કર્યો. તેમના મતે પ્રભાવી જ્ઞાતિ ગ્રામીણ સામાજિક જીવનને સમજવા તેમજ સંસ્કૃતિકરણની પેટર્ન જોવામાં ઉપયોગી છે.

જ્ઞાતિને પ્રભાવી માનવા માટે શ્રીનિવાસે કેટલાક માપદંડોની રજૂઆત કરી છે :

(1) સ્થાનિક વિસ્તારની નોંધપાત્ર જમીનમાલિકી એ જ્ઞાતિ પાસે હોવી આવશ્યક છે.

(2) સંખ્યાની દ્રષ્ટિએ એ વિસ્તારમાં નોંધપાત્ર વસ્તી હોવી જોઈએ.

(3) ઉચ્ચ પારંપરિક દરજ્જો ઉપરાંત શિક્ષણનું પ્રમાણ, વહીવટીતંત્રમાં નોકરીઓ, આવકના શહેરી સ્ત્રોત પણ કેટલીક જ્ઞાતિઓને ગ્રામવિસ્તારોમાં સત્તા-પ્રતિષ્ઠા આપી પ્રભાવી બનાવે છે. આ માપદંડોને આધારે જોઈએ તો ગુજરાતમાં સ્થાનિક રીતે કેટલાક વિસ્તારમાં ક્ષત્રિય અને પાટીદારો પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવે છે.

### સમીક્ષા–મર્યાદા

સંસ્કૃતિકરણના ખ્યાલની અનેક સ્તરો પર ટીકા થઈ છે જેમ કે,

(1) સંસ્કૃતિકરણથી કેટલાક લોકો અસમાનતા પર આધારિત સામાજિક રચનાતંત્રમાં પોતાનું સ્થાન સુધારી લે છે; પરંતુ એનાથી સમાજમાં પ્રસરેલી અસમાનતા–ભેદભાવ નાબૂદ થતો નથી તે નોંધવું રહ્યું.

(2) ઉચ્ચ જ્ઞાતિની જીવનશૈલી ઊંચી હોય છે અને નિમ્ન જ્ઞાતિની નિમ્ન એવું સાબિત થાય છે એટલું જ નહિ, ઉચ્ચ જ્ઞાતિના લોકોની જીવનશૈલી ઇચ્છનીય અને અનુકરણીય છે તેવું દર્શાવે છે.

(3) સંસ્કૃતિકરણથી મહિલાઓના દરજ્જામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.

### પશ્ચિમીકરણ

પશ્ચિમીકરણની પ્રક્રિયા યુરોપિયન પ્રજાના સંપર્કથી શરૂ થઈ હતી. જોકે બ્રિટિશરોએ 150 વર્ષ શાસન કર્યું હોવાથી તેમની અસર વધુ થઈ છે. પશ્ચિમીકરણ પરિવર્તન માટેની મહત્ત્વની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયા છે.

પશ્ચિમીકરણના અનેક અર્થ કરવામાં આવે છે. તેમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :

**(1)** યંત્રવિદ્યા અને વિજ્ઞાન

**(2)** સંસ્થાઓ, વિચારસરણી, મૂલ્યો

**(3)** ચીજવસ્તુ, ભાષા વગેરે

'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન' પુસ્તકમાં એમ. એન. શ્રીનિવાસના પશ્ચિમીકરણ ખ્યાલને વિગતે સમજાવ્યો છે. આ સંદર્ભમાં તેઓ જણાવે છે કે ''પશ્ચિમીકરણ એવી પ્રક્રિયા છે જેમાં ભારતમાં દોઢસો વર્ષના બ્રિટિશરાજને કારણે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં વિવિધ સ્તરે પરિવર્તનો આવ્યાં છે, જેમ કે યાંત્રિકી, સંસ્થાકીય, વૈચારિક અને મૂલ્ય સંબંધિત વગેરે''

પશ્ચિમીકરણ એક વ્યાપક સંકુલ અને ઘણા સ્તરવાળો ખ્યાલ છે. તેને એક છેડે પશ્ચિમી ટેક્નોલૉજીથી માંડી બીજે છેડે આધુનિક વિજ્ઞાન અને આધુનિક ઇતિહાસ લેખનનું વિશાળ ક્ષેત્ર આવરી લેવામાં આવ્યું છે. અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ એ ભારતમાં માળખાકીય પરિવર્તનો કરતાં સાંસ્કૃતિક–સામાજિક પરિવર્તનો સમજાવવા માટેના ખ્યાલ છે.

નવાં મૂલ્યો, આદર્શો અને સંસ્થાઓ દ્વારા જે ફેરફાર આવ્યા તેને આપણે પશ્ચિમીકરણ કહી શકીએ એટલે કે પશ્ચિમની વિચારસરણીના માનવતાવાદી, બિનસાંપ્રદાયિક, ઉદારમતવાદી, સમાનતાવાદી મૂલ્યોનો અંગ્રેજ અમલ દરમિયાન ભારતમાં પ્રવેશ થતા ભારતીય સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રમાં જે પરિવર્તન આવ્યાં તે સૂચવતી પ્રક્રિયા.

## પશ્ચિમીકરણનાં પાસાં

એમ. એન. શ્રીનિવાસે અનેક ઉદાહરણ દ્વારા ભારત પર પશ્ચિમીકરણની અસરો નીચે દર્શાવેલ પાસાંઓ દ્વારા સમજાવેલ છે :

**(1)** બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્રે કેટલાક કાયદા અને વહીવટી તંત્રનો અમલ કરવાથી વ્યાપક પરિવર્તનો આવ્યાં. અઢારમી સદીનાં અંતિમ વર્ષોમાં જમીનદારી, રૈયતવારી જેવી વ્યવસ્થાઓ જમીનમાલિકી અને મહેસૂલ ઉઘરાવવાના મુદ્દે દાખલ કરવામાં આવી. પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં નવા ભૂમિ સંબંધો સ્થપાયા.

**(2)** બ્રિટિશરોએ સમાજવ્યવસ્થાની જાળવણી માટે નવા કાયદા, કાનૂન અને ન્યાયતંત્રની વ્યવસ્થા ઊભી કરી, લશ્કર અને પોલીસદળની નવેસરથી રચના કરી. જેથી સમાજમાં મોટો બદલાવ આવ્યો.

**(3)** બ્રિટિશરોએ ભારતમાં પશ્ચિમી શિક્ષણવ્યવસ્થા દાખલ કરી, જેથી શિક્ષણ બધા માટે ખુલ્લું થયું અને બધાને તક મળી. સમય જતા આ શિક્ષણવ્યવસ્થાએ ગ્રામ્ય વિસ્તારો સુધી નવા વિચારો અને મૂલ્યોનો પ્રચાર–પ્રસાર કર્યો.

**(4)** બ્રિટિશરોએ ભારતમાં છાપખાનાંની શરૂઆત કરી તેના પગલે પગલે અખબાર, પુસ્તકો, સામયિકોનું પ્રકાશન શરૂ થયું અને વિસ્તર્યું. સમાજમાં વિવિધ વર્ગો અને સમૂહોમાંથી વિચારો વ્યક્ત કરવા માટે છાપખાનાંએ આધુનિક સગવડો ઊભી કરી તેને કારણે વૈશ્વિક સ્તરના નવા વિચારો, મૂલ્યો પ્રચારમાં આવ્યા.

**(5)** પશ્ચિમીકરણની એક મહત્ત્વની અસરને શ્રીનિવાસ 'માનવતાવાદ'ના સંદર્ભમાં તપાસે છે. જ્ઞાતિ, આર્થિક પરિસ્થિતિ, ધર્મ, ઉંમર અને જાતિના ભેદભાવ વગર સૌને માટે કલ્યાણનો આદર્શ અને તેની સાથે સમાનતા, સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિકતાના પશ્ચિમી ખ્યાલોએ ભારતમાં માનવતાવાદી વાતાવરણ સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આની અસર રૂપે ભારતમાં ઘણી સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ શરૂ થઈ.

**(6)** પશ્ચિમીકરણની અસર રૂપે ભારતમાં વિકસેલ વ્યાપાર અને ઉદ્યોગોને કારણે તેમજ શિક્ષણના પ્રસારને પરિણામે એક નવો મધ્યમ વર્ગ ઉદ્ભવ્યો. બ્રિટિશ સરકારે શરૂ કરેલા વહીવટી તંત્રમાં શરૂઆતમાં નોકરીએ રહેલો નાનો શિક્ષિત વર્ગ સમય જતા આધુનિક ભારતમાં અસરકારક મધ્યમવર્ગ સ્થાપિત થઈ ચૂક્યો. આ વર્ગમાં વકીલો, ડૉક્ટરો, અધ્યાપકો, સાહિત્યકારો તેમજ કલાકારોને સમાવતો બુદ્ધિજીવી વર્ગ પણ વિકસ્યો. આ નવા વર્ગની અસરરૂપે દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનાં કેટલાંક તત્ત્વોનો સ્વીકાર થયો અને શહેરોમાં આધુનિકતા વિકસી.

(7) બ્રિટિશ શાસન દરમિયાન સ્વતંત્રતાની લડતમાં ઊભી થયેલી પશ્ચિમની લોકશાહી, ઉદારતાવાદ અને રાષ્ટ્રીયતાથી પ્રેરાઈને દેશ નેતાઓએ લોકોને સંગઠિત કરવાનું શરૂ કર્યું. આઝાદીની લડતનાં વર્ષોમાં લોકશાહી પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસ એટલા વિકસ્યા કે સ્વતંત્ર ભારતમાં લોકશાહી શાસનવ્યવસ્થાને લોકોએ સ્વીકારી તે પશ્ચિમીકરણની અસર છે તેમ કહી શકાય.

### વૈશ્વિકીકરણ

21મી સદીમાં સામાજિક પરિવર્તનની ચર્ચા વૈશ્વિકીકરણ–ઉદારીકરણના સંદર્ભ વગર અધૂરી ગણાય. આમ તો વૈશ્વિકીકરણની પ્રક્રિયા ભારત માટે નવી નથી; પરંતુ 20મી સદીના છેલ્લા દશકામાં સમગ્ર વિશ્વમાં ત્રણ પ્રક્રિયા શરૂ થઈ. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ. આ ત્રણેય પ્રક્રિયાઓએ દેશની અર્થવ્યવસ્થા પર તેમજ સમાજ અને સંસ્કૃતિ પર અસર કરી છે. આ પ્રક્રિયાને લીધે ખૂબ ઝડપથી ''વિશ્વ એક સમાજ અને એક આંતરરાષ્ટ્રીય બજાર બની જશે'' એવો ભય ઊભો થયો હોવાથી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓને આ બંને પ્રક્રિયાના અભ્યાસમાં રસ જાગ્યો છે. પરિવર્તનની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયા તરીકે હવે આપણે વૈશ્વિકરણ, ઉદારીકરણના ખ્યાલની સમજૂતી મેળવીશું.

વૈશ્વિકીકરણ એ જટિલ સામાજિક, આર્થિક, રાજકીય પ્રક્રિયા છે, જે વિશ્વના તમામ દેશોમાં જોવા મળે છે. સમાજવૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ વૈશ્વિકીકરણની પ્રક્રિયા સમય અને ભૌતિક અંતર ઘટાડી રાષ્ટ્ર અને રાજ્યને નજીક લાવી દે છે અને વિશ્વ એક ગામ બને છે તો સંચારક્રાંતિ અને યંત્રવૈજ્ઞાનિક સ્ત્રોતોએ આ પ્રક્રિયાને ગતિ આપી છે.



વૈશ્વિકીકરણ

### વૈશ્વિકીકરણનો અર્થ

વૈશ્વિકીકરણનો સીધો અર્થ એ થાય છે કે સમગ્ર જગતના દેશો વૈશ્વિક સ્તરે વિચારણા કરે. એટલે કે કોઈ પણ દેશ પોતાના રાજકારણ, અર્થકારણ, સમાજ કે સંસ્કૃતિ વિશે અલગ રીતે ન વિચારતા સમગ્ર જગતના સંદર્ભમાં જ વિચારે.

સામાજિક દ્રષ્ટિકોણથી જોઈએ તો ઇતિહાસમાં પહેલી વાર એવી ઘટના બની છે કે સ્થાનિક અને વૈશ્વિક સમાજના લોકો એક તાંતણે બંધાઈ ગયા છે. આ માટે વિવિધ પ્રક્રિયાઓ દુનિયાભરના લોકોના સામાજિક સંબંધો પર ઘણી મોટી અસર નિપજાવે છે અને તેમને નજીક લાવે છે, જેને સમાજશાસ્ત્રીઓ વૈશ્વિકીકરણ તરીકે જુએ છે.

### વૈશ્વિકીકરણની વ્યાખ્યા :

**ગીડેન્સ** – ''વિભિન્ન લોકો અને દુનિયાનાં વિભિન્ન ક્ષેત્રોની વચ્ચે વધતી જતી પારસ્પરિકતા જ વૈશ્વિકીકરણ છે. આ પારસ્પરિકતા સામાજિક અને આર્થિક સંબંધોમાં થાય છે. આમાં સમય અને સ્થાન મળી જાય છે.''

**યોગેન્દ્ર સિંઘ** – ''ભારતીય સમાજમાં 1990ના દાયકા પછી ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વૈશ્વિકીકરણને કારણે સામાજિક સ્તરીકરણનું સ્વરૂપ બદલાયું છે. સાથે સાથે સામાજિક પરિવર્તનની ગતિમાં બદલાવ આવ્યો છે. ઉપરાંત વસ્તીવિષયક પરિવર્તન અને નગરીકરણ તથા ઔદ્યોગીકરણની પ્રક્રિયા તીવ્ર બની છે.''

**માલ્કમ વોટર્સ** – ''વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે. જેમાં સામાજિક–સાંસ્કૃતિક વ્યવસ્થા પર જે ભૌગોલિક દબાણ હોય છે તે પાછળ હટી જાય છે અને લોકો પણ સમજે છે કે ભૌગોલિક સીમાઓ અર્થ વગરની કે બેમતલબ હોય છે.''

### વૈશ્વિકીકરણની લાક્ષણિકતાઓ :

વૈશ્વિકીકરણની પ્રક્રિયા એ જટિલ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અંતર્ગત આધુનિકીકરણ, ઔદ્યોગિકરણ, મૂડીવાદનો સમાવેશ થાય છે. સંચાર ક્રાંતિ એ તેના પ્રસરણમાં સહાય કરી છે. વૈશ્વિકીકરણ નીચે મુજબની લાક્ષણિકતાઓ દ્વારા વધારે સ્પષ્ટ સમજી શકાય છે.

**(1) જટિલ પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણ એ જટિલ પ્રક્રિયા એટલા માટે છે કે તેની સાથે ઉદારીકરણ અને ખાનગીકરણ ગાઢ રીતે સંકળાયેલ છે. તેથી પરસ્પર અસરો થતી હોવાથી તે જટિલ અને અઘરું બને છે. બીજું વૈશ્વિકીકરણ કારણ અને પરિણામ બંને રીતે અસર કરે છે. આમ, તે ખૂબ જટિલ પ્રક્રિયા છે તેમ કહી શકાય.

**(2) બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણ આર્થિક, રાજનૈતિક, સામાજિક–સાંસ્કૃતિક જેવાં અનેક બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે. જોકે સમાજશાસ્ત્રને વૈશ્વિકીકરણના માત્ર સામાજિક–સાંસ્કૃતિક પાસાં અને પરિણામોના અભ્યાસમાં જ રસ છે.

**(3) નવશોધ અને પ્રસરણ સૂચવતી પ્રક્રિયા :**

આ પ્રક્રિયા દ્વારા નવા ઉદ્યોગો, નવા યંત્રવિજ્ઞાન અને નવી શોધને પ્રોત્સાહન મળ્યું છે. તો સાથે દુનિયાભરમાં તેના પ્રસરણને ગતિ મળી છે. દા.ત., ઇન્ટરનેટ અને સેવા ઉદ્યોગ.

**(4) નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવતી પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણની પ્રક્રિયાને લીધે દુનિયામાંથી ગરીબી નાબૂદ કરી શિક્ષણ, આરોગ્ય માટેનાં દબાણ ઊભા કર્યા છે. માહિતી અધિકારનો કાયદો, ફૂડ ફૉર ઓલ જેવા કાયદા બન્યા છે. ઉપરાંત પર્યાવરણના પરિવર્તનને લીધે આવતી કુદરતી આપત્તિમાંથી ઉગારવા અને મદદ કરવાની ભાવના જગાવે છે.

**(5) વૈશ્વિક સંસ્કૃતિ :**

કેટલાક વિદ્વાનોના મતે આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે વિશ્વ એક ગામડું બનતાં એક નવી સંસ્કૃતિ ઉદ્ભવશે જેમાં કુટુંબ, લગ્ન–મનોરંજન, કલા-સાહિત્ય જેવી બાબતોને અસર થઈ છે. દા.ત., સમગ્ર વિશ્વમાં થતી વેલેન્ટાઇન ડે ની ઉજવણી.

**(6) સંસ્કૃતિનું સમન્વયીકરણ :**

વૈશ્વિકીકરણની પ્રક્રિયાના પરિણામે સંચારવ્યવહાર, પર્યટન, સ્થળાંતર, સંદેશાવ્યહાર વગેરે જેવી પ્રક્રિયાઓ આજે એટલી ઝડપી બની ગઈ છે કે દુનિયાની સંસ્કૃતિઓ એકબીજાના સંપર્કમાં આવતા એકબીજા સાથે એકરૂપ બનતી જાય છે. દા.ત., ભાંગડા, પોપ અને ફ્યુઝન મ્યુઝિક.

**(7) વિનિમયનું સાધન ચલણ :**

વૈશ્વિકીકરણને કારણે વિનિમયના સાધન તરીકે વસ્તુ-વિનિમયને બદલે દુનિયામાં એક સમાન ચલણનો ખ્યાલ પ્રવર્તે છે. દા.ત., અમેરિકન ડૉલર.

**(8) બજારોનું પ્રભુત્વ :**

આજે વ્યાપાર-ધંધામાં બજારનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. આજે વૈશ્વિક સ્તરે અર્થવ્યવસ્થાનું એક જાળું બની ગયું છે. જેના પરિણામે વસ્તુઓના વપરાશની પદ્ધતિઓ સમગ્ર વિશ્વમાં લગભગ સમાન બની ગઈ છે. દા.ત., નુડલ્સ અને પીત્ઝા.

**(9) નવાં સામાજિક આંદોલનો :**

યોગેન્દ્ર સીંઘના મતે આજે ત્રીજા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વૈશ્વિકીકરણના પરિણામે જે પરિવર્તન આવ્યાં છે તેણે ઘણાં નવાં આંદોલનોને જન્મ આપ્યો છે. જેમ કે સ્ત્રીઓનાં આંદોલન, માનવ અધિકાર અંગેનાં આંદોલન વગેરે.

ટૂંકમાં, વૈશ્વિકરણની પ્રક્રિયા એ વૈશ્વિક સ્તરે રાષ્ટ્ર રાજ્યને નિકટ લાવી આધુનિકીકરણ અને અનુઆધુનિકીકરણને વેગ આપી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય સંબંધ બાંધ્યો છે.

### ઉદારીકરણ

દેશ આઝાદ થયા બાદ ભારતીય અર્થવ્યવસ્થા અને બજારને કાયદા દ્વારા વૈશ્વિક સ્પર્ધાથી સુરક્ષિત રાખ્યાં હતાં. ઉપરાંત પ્રજા કલ્યાણ માટે સરકારે મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ તેવો આદર્શ તેમજ બંધારણમાં સામાજિક ન્યાય પર ભાર મૂક્યો હોવાથી તે મુજબ નીતિ નિર્ણયો લેવાયા હતા.

પરંતુ વર્ષ 1991ની શરૂઆતના ભાગમાં અર્થતંત્રમાં વિદેશી હૂંડિયામણનું અનામત ભંડોળ ઘટી રહ્યું હતું. આર્થિક સ્થિતિ કટોકટીભરી હતી. જેથી સરકારે દેશના અર્થતંત્રમાં ફરી નવસંચાર કરવાના ભાગ રૂપે આર્થિક નીતિ જાહેર કરી. જેમાં વિદેશ વ્યાપારના પરિપ્રેક્ષ્યમાં લગભગ મુક્ત કહી શકાય તેવી વ્યાપાર નીતિને પ્રોત્સાહન આપ્યું. લાંબા ગાળાની આયાત-નિકાસ નીતિ અન્વયે આયાત-જકાત-પ્રમાણ જેવા પ્રતિબંધો હળવા કર્યા, જેને ઉદારીકરણ કહી શકાય.

**ઉદારીકરણનો અર્થ**

ઉદારીકરણની નીતિ એટલે ખાનગીકરણની નીતિ. સરકાર દ્વારા ઉદ્યોગોના ક્ષેત્રે વધુમાં વધુ પરવાના, મૂડીરોકાણ અને નફાની પ્રાપ્તિ માટે ખાનગી ક્ષેત્ર માટે અનુકૂળતા કરી આપવાનો સમાવેશ તેમાં થાય છે. ટૂંકમાં સરકારની ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ અંગેની હસ્તક્ષેપ વગરની નીતિ એટલે ઉદારીકરણ. ઉદારીકરણ એ વૈશ્વિકીકરણની પ્રક્રિયાની પૂર્વશરતરૂપે છે અને ઉદારીકરણ માટે ખાનગીકરણ અનિવાર્ય પ્રક્રિયા છે.

**ઉદારીકરણની વ્યાખ્યા :**

ઉદારીકરણ એટલે વૈશ્વિકીકરણના ભાગ રૂપે વૈશ્વિક બજાર દેશની અર્થવ્યવસ્થા માટે લાભકારી બને તેને અનુરૂપ વ્યાપાર–ઉદ્યોગને નિયમન કરતા નિયમો અને આર્થિક નિયંત્રણોને ઉદાર બનાવવા. દા.ત., વિવિધ ક્ષેત્રમાં સીધા વિદેશી રોકાણને પરવાનગી આપવી.

**ઉદારીકરણના લાભો :**

- વિદેશી રોકાણ વધ્યું, બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતની કંપની સાથે ભાગીદારી કરી જેથી અદ્યતન ટેક્નોલૉજીનો લાભ મળ્યો અને ઉત્પાદન વધ્યું.
- ગ્રાહકોને વાજબી કિંમતે શ્રેષ્ઠ વસ્તુઓ મળતી થઈ.
- ખાનગીકરણ અને મુક્ત સ્પર્ધાને લીધે ઉત્પાદકો વાજબી કિંમતે સારી ગુણવત્તાવાળી વસ્તુઓનું વેચાણ કરવા લાગ્યા.
- દરેક ક્ષેત્રે સ્પર્ધા થઈ, પરિણામે વૈશ્વિક સ્પર્ધામાં ટકવા મૅનેજમેન્ટ ટેક્નિક અને શ્રમિકોનાં કૌશલ્યો માટે તાલીમ અને શિક્ષણનું મહત્ત્વ વધ્યું.
- ધિરાણ પરના વ્યાજનો દર ઘટવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો.
- ઉદારીકરણને લીધે ટીવી ચેનલ, મોબાઇલ, ઇન્ટરનેટ કંપનીઓ અને ઓનલાઇન શૉપિંગને પ્રોત્સાહન મળ્યું.
- ઉદારીકરણે ઉપભોક્તાવાદને પ્રોત્સાહિત કર્યો, બજારો નિર્ણાયક બની ગયા છે.
- ઉદારીકરણથી લોકોની જીવનશૈલીમાં અને વપરાશની વસ્તુમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે.
- ઉદારીકરણને લીધે સામાજિક–સાંસ્કૃતિક આદાન-પ્રદાનમાં ગતિ આવી છે.

**ઉદારીકરણના ગેરલાભો :**

ઉદારીકરણના ગેરલાભો નીચે મુજબ છે :

- ખાનગીકરણ અને ઉદારીકરણના અમલ પછી રોજગારીની તકોમાં ઘટાડો થયો છે અને બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે.
- કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટ્યો છે. બહુરાષ્ટ્રીય કંપનીના બી. ટી. બિયારણો, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓએ જમીનની ફળદ્રુપતા ઘટાડી પ્રદૂષણ વધાર્યું છે.
- વિકસીત દેશો ઉદારીકરણનાં નામે પ્રદૂષણ વધારતા ઉદ્યોગો ત્રીજા વિશ્વના દેશોમાં ઊભા કરી પર્યાવરણમાં અસંતુલન ઊભું કરે છે.
- વિશ્વ વ્યાપાર સંગઠનની શરતોનું પાલન કરવાથી આયાત-જકાતો મોટા પ્રમાણમાં ઘટાડી આયાત પ્રમાણ ઉદાર બનાવ્યા તેથી નિકાસ વૃદ્ધિ ધીમી થઈ ગઈ.
- બહુરાષ્ટ્રીય કંપની ભારતમાં સસ્તી જમીન મેળવી ઓછું વેતન ચૂકવી મોટો નફો કમાઈ પોતાના દેશમાં મોકલે છે. આ રીતે આવકનું બહિર્ગમન જોવા મળે છે.
- બૅન્કિંગ ક્ષેત્રના સુધારા દ્વારા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (R. B. I.) એ થાપણો અને નાની બચત યોજનાના

વ્યાજદરમાં ક્રમશઃ ઘટાડો કરતા મધ્યમ વર્ગ અને પેન્શન પર આધારિત વર્ગને નુકસાન થયું છે.

• ઉદારીકરણને લીધે દરેક બાબતોને બજાર ઉપર છોડી દીધી. પરિણામે અસમાનતા અને મોંઘવારી વધી છે.

વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે પરિવર્તનની સાંસ્કૃતિક અને સામાજિક પ્રક્રિયાઓની સમજૂતી મેળવી જેથી તમે સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ વચ્ચેનો ભેદ જોઈ શક્યા, સાથે વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની સમાજ પર થતી અસરો જોઈ શકો છો. હવે આપણે સમૂહસંચારનાં માધ્યમો અને સમાજ વિશે જાણકારી આગળના એકમમાં મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ આપી, તેના લક્ષણો જણાવો.

(2) સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં પાસાં ટૂંકમાં જણાવો.

(3) પશ્ચિમીકરણનાં પાસાં ટૂંકમાં વર્ણવો.

(4) વૈશ્વિકીકરણનાં લક્ષણો જણાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સંસ્કૃતિકરણની વ્યાખ્યા સમજાવો.

(2) પશ્ચિમીકરણનો અર્થ સમજાવો.

(3) વૈશ્વિકીકરણની વ્યાખ્યા સમજાવો.

(4) ઉદારીકરણના લાભ જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓ કઈ બાબત જોવા-સમજવામાં ઉપયોગી છે ?

(2) સામાજિક પરિવર્તન એટલે શું ?

(3) સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(4) પ્રભાવી જ્ઞાતિના માપદંડો કયા છે ?

(5) ઉદારીકરણ એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) સાંસ્કૃતિક પરિવર્તનના મુખ્ય સ્ત્રોત કયા છે ?

(2) ભૌતિક સંસ્કૃતિમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

(3) અભૌતિક સંસ્કૃતિમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

(4) સંસ્કૃતિકરણનો ખ્યાલ કોણે આપ્યો ?

(5) પશ્ચિમીકરણ પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી થયો ?

(6) વૈશ્વિકીકરણને જટિલ પ્રક્રિયા કેમ કહેવાય છે ?

(7) ઉદારીકરણની શરૂઆત ભારતમાં કઈ સાલથી થઈ ?

(8) પશ્ચિમીકરણનો ખ્યાલ શ્રીનિવાસે કયા પુસ્તકમાં આપ્યો છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સામાજિક પરિવર્તન એટલે......... ☐

(અ) રચનાતંત્રમાં ફેરફાર (બ) ફેશનમાં ફેરફાર

(ક) ખોરાકમાં ફેરફાર (ડ) એક પણ નહિ

(2) સંસ્કૃતિનાં તત્ત્વોમાં આવતું પરિવર્તન એટલે........ ☐

(અ) ભૌગોલિક પરિવર્તન (બ) સાંસ્કૃતિક પરિવર્તન

(ક) સામાજિક પરિવર્તન (ડ) એક પણ નહિ

(3) સંસ્કૃતિનાં મુખ્ય કેટલાં પાસાં હોય છે ? ☐

(અ) 1 (બ) 2 (ક) 3 (ડ) 4

(4) સંસ્કૃતિકરણ માટે શ્રીનિવાસે સૌપ્રથમ કયો શબ્દ પ્રયોજ્યો હતો ? ☐

(અ) પશ્ચિમીકરણ (બ) ઇસ્લામીકરણ (ક) બ્રાહ્મણીકરણ (ડ) એક પણ નહિ

(5) સંસ્કૃતિકરણનો ખ્યાલ કઈ ગતિશીલતા માટે પ્રયોજાય છે ? ☐

(અ) જૂથલક્ષી (બ) વ્યક્તિગત (ક) નિમ્નગામી (ડ) એક પણ નહિ

(6) પશ્ચિમની વિચારસરણીનાં કયાં તત્ત્વોનો ભારતમાં પ્રવેશ થયો ? ☐

(અ) બિનસાંપ્રદાયિકતા (બ) માનવતાવાદ (ક) સમાનતાવાદ (ડ) ઉપર્યુક્ત તમામ

(7) સંસ્કૃતિનું સમન્વયીકરણ કઈ પ્રક્રિયાથી થાય છે ? ☐

(અ) વૈશ્વિકીકરણ (બ) ઉદ્યોગીકરણ (ક) ખાનગીકરણ (ડ) એક પણ નહિ

(8) ઉદારીકરણમાં કઈ બાબત પર ભાર મુકાય છે ? ☐

(અ) ઉદ્યોગ-વેપાર (બ) સમાજ-સંસ્કૃતિ (ક) માનવ-કલ્યાણ (ડ) એક પણ નહિ

(9) વિવિધ દેશોની અર્થવ્યવસ્થા, સમાજ અને સંસ્કૃતિ ઉપર અસર કરતી કઈ પ્રક્રિયા છે ? ☐

(અ) પશ્ચિમીકરણ (બ) સંસ્કૃતિકરણ (ક) વૈશ્વિકીકરણ (ડ) ઇસ્લામીકરણ

**પ્રવૃત્તિઓ :**

- તમારા ગામમાં આવેલા સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનું અવલોકન કરી અહેવાલ તૈયાર કરો.
- પશ્ચિમી જીવનશૈલીના ફોટાનું આલબમ બનાવો.
- સેલફોન અને ઇન્ટરનેટના લાભ અને ગેરલાભ અંગે જૂથ ચર્ચા યોજો.
- વૈશ્વિકીકરણની સામાજિક અસરો અંગે જૂથ ચર્ચા કરો.
- વૈશ્વિકીકરણ અને ઉદારીકરણથી તમને ઉપલબ્ધ થતી વસ્તુ–સેવાની યાદી તૈયાર કરો.

●